# પાઠ 6. બજાર




**પ્રશ્ન 1 – બજારનો અર્થ આપો.**

‘જે સ્થળે વસ્તુ કે સેવાનું ખરીદ-વેચાણ થાય છે. તેને બજાર કહેવાય.

સામાન્ય ખ્યાલ મુજબ બજારના અસ્તિત્વ માટે સ્થળ હોવું એ પુર્વશરત છે.

અર્થશાસ્ત્રની પરિભાષામાં વિસ્તૃત ખ્યાલ,

‘વસ્તુ કે સેવાના ખરીદ-વેચાણના હેતુથી ખરીદનાર અને વેચનાર એકબીજાના પ્રત્યક્ષ કે પરોક્ષ સંપર્કમાં આવે તે વ્યવસ્થા એટલે બજાર.’

પ્રો. સેમ્યુઅલસનના મતે,

‘બજાર એટલે એવી કાર્યપ્રણાલી કે જ્યા
ખરીદનાર અને વેચનાર
વસ્તુ અને સેવાની
કિંમત અને જથ્થાને
નક્કી કરવાના હેતુથી એકબીજાના સંપર્કમાં આવે છે.’

---

**પ્રશ્ન 2 – બજારના ઘટકો(લક્ષણો) સમજાવો.**

(1) <u>ખરીદનારા અને વેચનારા</u> :

બજારમાં વસ્તુ કે સેવાના ખરીદનારા અને વેચનારા હોવા ફરજિયાત છે. ખરીદનાર અને વેચનાર દ્વારા પોતાના અંગત હેતુસર જે વિનિમય કરવામાં આવે તેને ખરીદવેચાણની પ્રક્રિયા કહે છે.

વેચનારનો હેતુ મહત્તમ નફો મેળવવાનો જ્યારે ખરીદનારનો હેતુ મહત્તમ સંતોષ મેળવવાનો છે.

(2) <u>વસ્તુ કે સેવાઓ</u> :

ખરીદ-વેચાણની પ્રક્રિયા માટે વસ્તુ અને સેવાઓ હોવી જરૂરી છે. ઉત્પાદન મહત્તમ નફો મેળવવા વસ્તુ કે સેવા વિભિન્ન સ્વરૂપે બહાર પાડે છે. જે ખરીદવા ગ્રાહકને આકર્ષવા પ્રયત્ન કરે છે. જ્યારે ખરીદનાર વસ્તુ કે સેવાના વપરાશથી મહત્તમ સંતોષ મેળવવા આદર્શ સંયોજન ખરીદે છે.

(3) <u>સંપર્ક</u> :

બજારમાં વેચાતી વસ્તુ કે સેવાના ખરીદનાર વિનિમયના હેતુથી એકબીજાના પ્રત્યક્ષ કે પરોક્ષ સંપર્કમાં આવે છે.

➔ તેઓ નીચેની રીતે સંપર્ક કરે છે.

1) ટેલિશોપિંગ :

જેમાં વસ્તુ કે સેવાની ગ્રાહક દ્વારા જાતે તપાસ કરી ટેલિફોન દ્વારા વસ્તુ કે સેવાની ખરીદીનો ઓર્ડર અપાય છે.

2) ઓનલાઇન શોપિંગ :

આ પદ્ધતિમાં ઇન્ટરનેટના માધ્યમથી જે-તે વસ્તુ કે સેવાના વેચનારની વેબસાઇટ પર જઇ વસ્તુ કે સેવાની પસંદગી કરી ખરીદીનો ઓર્ડર અપાય છે.

આ બંન્ને ખરીદનાર-વેચનારના પરોક્ષ સંપર્કની પદ્ધતિ છે.

(4) <u>કિંમત</u> :


વસ્તુ કે સેવાના વિનિમય માટે ચોક્કસ કિંમત નક્કી થયેલી હોવી જોઇએ. વસ્તુ કે સેવાની બજારકિંમત વસ્તુની બજારમાંગ અને બજાર પુરવઠા દ્વારા નક્કી થાય તે મુજબ વિનિમયની પ્રક્રિયા થાય છે.

(5) <u>બજાર સ્થિતિ અંગે ની જાણકારી</u> :

બજારની સ્થિતિ અંગેની જાણકારી ખરીદનાર અને વેચનારને હોવી જોઇએ. બજારમાં તેજી-મંદી, ફુગાવો અથવા કુદરતી કે માનવીય આફત આવી હોય તેવા સંજોગોમાં ઉત્પાદન ખરીદ કે વેચાણ અંગે જાણકારીના આધારે યોગ્ય નિર્ણયો લઇ શકાય.

---

**પ્રશ્ન 3 – બજારનું વર્ગીકરણ સમજાવો.**




---

**પ્રશ્ન 4 – સ્થાન આધારિત બજારનું વર્ગીકરણ સમજાવો.**

A. સ્થાનિક બજાર :

વસ્તુ કે સેવાનું જ્યાં ઉત્પાદન થતુ હોય ત્યાં જ વેચાણ થાય તેવા બજારને સ્થાનિક બજાર કહે છે.

આ બજાર કોઇ ચોક્કસ શહેર કે વિસ્તાર પુરતું મર્યાદિત હોય છે.

<u>દા.ત.</u> – માટીના વાસણોનું બજાર.

B. પ્રાદેશીક બજાર :

વસ્તુ કે સેવાનું ખરીદ-વેચાણ કોઇ ચોક્કસ પ્રદેશ પુરતું સીમીત હોય તેવા બજારને પ્રાદેશીક બજાર કહે છે.

પ્રાદેશિક બજાર એક જ રાજ્યના જુદા-જુદા વિસ્તાર કે જિલ્લા સુધી ફેલાયેલા હોય છે.

દા.ત. – પ્રાદેશિક ભાષામાં લખાયેલા પુસ્તકો.

C. રાષ્ટ્રીય બજાર :

જ્યારે વસ્તુ કે સેવા સમગ્ર દેશમાં ખરીદ-વેચાણ પામતી હોય તેવા બજારને રાષ્ટ્રીય બજાર કહે છે.

આ બજાર દેશના વિભિન્ન રાજ્યો સુધી ફેલાયેલા હોય છે.

દા.ત. – ભારતિય રેલ્વેનું બજાર અને હિન્દી ભાષામાં લખાયેલા પુસ્તકો.

D. આંતરરાષ્ટ્રીય બજાર :

જ્યારે વસ્તુ કે સેવાનું ખરીદ-વેચાણ સમગ્ર વિશ્વમાં થતું હોય તેવા બજારને આંતરરાષ્ટ્રીય બજાર કહે છે.

આ બજારમાં થતા ખરીદ-વેચાણ માટે આયાત-નિકાસ શબ્દનો ઉપયોગ થાય છે.

દા.ત. – મોબાઇલ ...

---

**પ્રશ્ન 5 – જથ્થા આધારિત બજારનું વર્ગીકરણ સમજાવો.**

A. જથ્થાબંધ વેપાર :

જથ્થાબંધ વેપારી ઉત્પાદક પાસેથી મોટા જથ્થામાં વસ્તુ ખરીદી છુટક વેપારીને વેચાણ કરે ત્યારે તેને જથ્થાબંધ વેપાર કહે છે.

આ બજારમાં છુટક વેપારી ખરીદનાર બને છે. જે ગ્રાહકોને વેચાણ કરશે. જથ્થાબંધ બજારનો વેપારી ઉત્પાદક અને ગ્રાહક વચ્ચેની એક મહત્વની કડી સમાન છે.

દા.ત. – અનાજનું જથ્થાબંધ બજાર.

B. છુટક બજાર :

જથ્થાબંધ વેપારી પાસેથી ખરીદી કરી જરૂરિયાત મુજબ ગ્રાહક વર્ગને વેચાણ કરતા બજારને છુટક બજાર કહે છે.

છુટક બજારમાં ખરીદ-વેચાણ નાના જથ્થામાં થાય છે. છુટક વેપારી ગ્રાહક સુધી વસ્તુ પહોંચાડે છે. એટલે કે છુટક બજારમાં વસ્તુનું પુનઃવેચાણ કરવામાં આવે છે.

---

**પ્રશ્ન 6 – હરિફાઇની દ્રષ્ટિએ બજારના વર્ગીકરણમાં પુર્ણ હરિફાઇવાળા બજારનો અર્થ અને લક્ષણો સમજાવો.**

પુર્ણ હરિફાઇવાળુ બજાર એક આદર્શ સ્થિતિ છે. પરંતુ તે માત્ર સૈદ્ધાંતિક સ્થિતિ જ બની રહે છે.

અર્થશાસ્રમાં પુર્ણ હરિફાઇવાળા બજારનો અભ્યાસ ખુબ જ અગત્યનો ગણાવામાં આવે છે. કારણ કે આ બજારના અભ્યાસથી જ મોટા ભાગની બજારની લાક્ષણિકતાને સમજી શકાય છે. ખેતી ક્ષેત્ર સિવાય પુર્ણ હરિફાઇના લક્ષણો એક સાથે જોવા મળતા નથી.

શ્રીમતી જ્હોન રોબિન્સનના મતે,

"પુર્ણ હરિફાઇ ત્યાં અસ્તિત્વ ધરાવે છે. જ્યાં ઉત્પાદકની ઉત્પાદિત વસ્તુની માંગ સંપુર્ણ મુલ્ય સાપેક્ષ હોય."

પ્રો. લેફ્ટવિચના મતે,

"પુર્ણ હરિફાઇ એક એવી બજાર વ્યવસ્થા છે કે જેમાં બજારકિંમતને અસર પહોંચાડી શકે તેટલી મોટી પેઢી સમગ્ર બજારમાં ન હોવા સાથે ઘણી પેઢીઓ સમાનગુણી વસ્તુનું વેચાણ કરે છે."

➔ લક્ષણો :

(1) અસંખ્ય ખરીદનાર અને અસંખ્ય વેચનાર :

પુર્ણ હરીફાઇવાળા બજારમાં અસંખ્ય વેચનાર અને અસંખ્ય ખરીદનારાઓ પ્રાથમિક શરત છે. આવા બજારમાં અસંખ્ય વેચનારાઓ પૈકી કોઇ એક વેચનાર બજારના કુલ પુરવઠાનો ખુબ જ નાનો ભાગ વહેચાતો હોવાથી સમગ્ર વસ્તુના બજાર પુરવઠા કે બજારકિંમતને અસર પહોંચાડી શકતો નથી.

ઉદાહરણ તરીકે, ઘઉના એક ખેરતમાં ઘઉનું ઉત્પાદન વધે કે ઘટે તેનાથી ઘઉના કુલ જથ્થામાં કોઇ ફેરફાર થતો નથી.

ખરીદનારા પણ અસંખ્ય હોવાથી વેચનારની જેમ તેઓ પણ બજારકિંમત પર માંગમાં ફેરફાર કરી અસર પહોંચાડી શકતા નથી. આવા બજારમાં વસ્તુની કિંમત બજારમાંગ અને બજારપુરવઠા દ્વારા નક્કી થાય છે. એટલે કે આ બજારમાં વહેંચનારાઓ Price tacker કિંમત સ્વીકારનારા હોય છે.

(2) સમાનગુણી વસ્તુઓ :

આ બજારમાં વસ્તુઓ સમાનગુણી એટલે કે રૂપ, રંગ, કદ, આકાર, વજન, ગુણવત્તા જેવી બાબતો એકસરખી હોય છે. જેથી આ બજારની તમામ વસ્તુઓ એકબીજાની સંપુર્ણ અવેજી હોય છે.

વસ્તુઓ સમાનગુણી હોવાથી વિવિધ ઉત્પાદકો વસ્તુની જુદી-જુદી કિંમત લઇ શકતા નથી. અને ખરીદનારાઓ પણ સમાનગુણી લક્ષણને લીધે વસ્તુમાં સામ્યતા જોવા હોવાથી જુદી-જુદી કિંમત ચુકવવા તૈયાર થતી નથી.

(3) પેઢીની મુક્ત અવર-જવર :

આ બજારમાં પેઢીઓનો ઉદ્યોગમાં વિના નિયંત્રણ પ્રવેશ અને નિકાસ થાય છે. કોઇ ઉદ્યોગ અસામાન્ય નફાની સ્થિતિમાં હોઇ ત્યારે તેનાથી આકર્ષાયેલ પેઢીઓ મુક્તપણે ઉદ્યોગમાં પ્રવેશી શકે તેમજ કોઇ ઉદ્યોગમાં અસામાન્ય ખોટની સ્થિતિ ઊભી થતા ઉદ્યોગ છોડીને જઇ શકે છે. એટલે કે પેઢીના અવરજવર પર કોઇ પ્રતિબંધ નથી.

પરંતુ આ અવરજવર માત્ર ટુંકાગાળામાં જ જોવા મળે છે. પરંતુ લાંબાગાળે જ્યારે પુર્ણ હરિફાઇવાળું બજાર સામાન્ય નફાની સ્થિતિમાં હોઇ ત્યારે અવરજવર આપોઆપ બંધ થાય છે. કારણ કે સામાન્ય સ્થિતિમાં ઉદ્યોગમાં પ્રવેશવાનું કોઇ આકર્ષણ રહેતું નથી. અને ખોટ ન થતી હોવાથી ઉદ્યોગ છોડીને જતા નથી.

(4) બજાર અંગેનું સંપુર્ણ જ્ઞાન :

પુર્ણ હરિફાઇવાળા બજારમાં ઉત્પાદકો, વેચનારાઓ અને ખરીદનારને વસ્તુની વર્તમાનકિંમત અને ઉપલબ્ધતા વિશે સંપુર્ણ જ્ઞાન હોય છે.

આવા બજારમાં ઉત્પાદક કે વેપારી અન્ય ઉત્પાદકો કે વેપારીઓ કઇ ગુણવતાવાળી વસ્તુ કેટલી કિંમતે વેંચે છે ? અવેજી કે પુરક વસ્તુ કઇ-કઇ છે ? વગેરે જેવી બાબતોથી માહિતગાર હોય છે. આથી આવા બજારમાં કોઇ એક ઉત્પાદક કે વેપારી વસ્તુની કિંમત જુદી-જુદી લઇ શકતા નથી.

આ બજારમાં ગ્રાહકો પણ વસ્તુની કિંમત અને ગુણવત્તા જેવી બાબતોથી સંપુર્ણ માહિતગાર હોવાને કારણે ઉત્પાદક ગ્રાહક પાસેથી વધુ કિંમત લઇ શકતો નથી.

(5) ઉત્પાદનના સાધનો સંપુર્ણ ગતિશીલ :

આ બજારમાં ઉત્પાદનના ચારેય સાધનો ભૌગોલિક વ્યવસાયિક અને ઉપયોગની દ્રષ્ટિએ સંપુર્ણ ગતિશીલ હોય છે.

જેમ આ બજારમાં વસ્તુની કિંમત એકસરખી હોય તેમ ઉત્પાદનના સાધનોનું વળતર પણ એકસરખા હોય છે. કારણ કે ઉત્પાદનના સાધનો સંપુર્ણ ગતિશીલ હોવાને કારણે ઓછા વળતરથી વધુ વળતર તરફ સ્થળાંતર પામે છે. આવા સ્થાનાંતરને અટકાવવા પેઢી એકસમાન કિંમતો રાખે છે.

(6) વાહનવ્યવહાર ખર્ચનો અભાવ :


પુર્ણ હરિફાઇવાળા બજારમાં ખરીદનાર અને વેચનાર અસંખ્ય હોવાથી વેચાણ વધુ થાય છે. પુર્ણ હરિફાઇના વિશ્લેષણમાં વાહનવ્યવહાર ખર્ચ ખુબ જ ઓછો હોવાથી તે ખર્ચ શુન્ય થાય છે. એમ માની લેવામાં આવે છે. એટલે કે વાહનવ્યવહાર ખર્ચની ગેરહાજરી આ બજારનું મહત્વનું લક્ષણ છે.

---

**પ્રશ્ન 7 – ઇજારો એટલે શું ? તેના લક્ષણો સમજાવો.**

➔ અર્થ :

ઇજારાને અંગ્રેજીમાં Monopoly કહે છે. જે ગ્રીક ભાષાનો શબ્દ છે.




એક વેચનાર કે ઉત્પાદકનું બજાર.

<u>પ્રો. ચેમ્બરલીનના મતે</u>,

"જ્યારે વસ્તુના પુરવઠા પર એક પેઢીનો અંકુશ હોય તો તેને ઇજારો કહે છે."

<u>પ્રો. સ્ટીગલરના મતે</u>,

"વસ્તુનો એક જ વેચનાર એટલે ઇજારદાર."

➔ <u>લક્ષણો</u> :

(1) એક જ ઉત્પાદક કે વેચનાર અને અસંખ્ય ખરીદનાર

ઇજારાવાળા બજારમાં વસ્તુનો ઉત્પાદક કે વેચનાર એક જ હોય છે. જે વસ્તુના પુરવઠા પર કાબુ ધરાવે તેને ઇજારાદાર કહે છે.

આવા બજારમાં ઉત્પાદક કે વેચનાર એક જ હોવાથી હરિફાઇનું તત્વ જોવા મળતું નથી. તેથી વેચનાર કિંમત પર સંપુર્ણ કાબુ ધરાવે છે. એટલે કે તેને કિંમત નક્કી કરનાર (Price Maker) કહે છે.

આવા બજારમાં ખરીદનાર અસંખ્ય હોય છે. જેથી એક ખરીદનારનું અસ્તિત્વ ખુબ નાનું હોય છે. તેથી તેઓ કિંમત પર અસર પાડી શકતા નથી.

(2) નજીકની અવેજી વસ્તુનો અભાવ :

આ બજારમાં જે વસ્તુનું ઉત્પાદન કે વેચાણ થતું હોય તેની નજીકની અવેજી વસ્તુ બજારમાં ઉપલબ્ધ હોતી નથી. બજારમાં વ્યવહારિક રીતે અશુદ્ધ ઇજારો જોવા મળે છે. જેમાં નજીકની અવેજી વસ્તુનો અભાવ હોય પરંતુ દુરની અવેજી વસ્તુ હોવાની શક્યતા રહેલી છે.

દા.ત. – રેવલેમાં કોઇ ચોક્કસ સમયે અને તારીખે આરક્ષિત ટીકીટ ન મળે તો બીજી કોઇ રેલવે કંપનીમાં ટીકીટ મળી શકતી નથી. કારણ કે એવી કોઇ નજીકની અવેજી વસ્તુ બજારમાં ઉપલબ્ધ નથી.

(3) નવી પેઢીના પ્રવેશ પર અંકુશ :

ઇજારાવાળા બજારમાં એક જ ઉત્પાદક કે વેચનારનું અસ્તિત્વ હોય છે. તેથી ઇજારો તોડવો શક્ય બને છે. તેમ છતા તે સરળ પ્રક્રિયા નથી. તેથી કોઇ હરિફ બજારમાં ન હોવાથી ઇજારાદાર ઇજારાની સ્થિતિ લાંબા સમય સુધી ટકાવી રાખે છે.

આવા બજારમાં કુદરતી, કાયદાકીય, અનુભવ અને આવડત વગેરે જેવા પરિબળોને લીધે નવી પેઢીનો પ્રવેશ અવરોધાય છે.

(4) કિંમત અથવા વેચાણ પર કાબુ :

ઇજારાવાળા બજારમાં મહત્તમ નફાના હેતુથી ઇજારદાર વસ્તુના પુરવઠા પર કાબુ ધરાવે છે. પરંતુ ઇજારાદાર એક સાથે વસ્તુની કિંમત અને વેચાણ પર કાબુ મેળવી શકતો નથી. એટલે કે ઇજારાદાર વસ્તુની ઊંચી કિંમત નક્કી કરે તો વસ્તુનું ઓછું વેચાણ સ્વીકારવું પડે. પણ જો વેચાણ વધારવા ઇચ્છતો હોય તો નીચી કિંમત સ્વીકારવી પડે છે.

આમ, ઇજારાદાર કિંમતને વેચાણરૂપી બંને ઘોડા પર એકસાથે સવાર થઇ શકતો નથી.

(5) અસામાન્ય નફો :

ઇજારાવાળા બજારમાં એક જ વેચનાર હોવાથી અને નવી પેઢીનો પ્રવેશ બંધ હોવાથી ટુંકા અને લાંબાગાળા દરમિયાન અસામાન્ય નફો પ્રાપ્ત થાય છે. આ બજારમાં વેચનાર કિંમત ઊંચી રાખી શકતો હોવાથી નફો મેળવી શકે છે.

(6) કિંમત ભેદભાવ :

ઇજારાવાળા બજારમાં ઉત્પાદક કે વેચનાર કિંમત નક્કી કરનાર હોવાથી એક જ વસ્તુની જુદી-જુદી કિંમત વસુલી શકે છે. અથવા તો વસ્તુના જુદા-જુદા ઉપયોગ અનુસાર જુદી-જુદી કિંમત લઇ શકે છે. ઇજારાદાર કિંમત ભેદભાવવાળી નીતિનો ઉપયોગ કરે છે.

દા.ત. – ડૉક્ટર

(7) પેઢી એ જ ઉદ્યોગ :

પેઢી એટલે ઉત્પાદન કરતો એક સ્વતંત્ર એકમ. ઉદ્યોગ એટલે એકસરખી વસ્તુઓનું ઉત્પાદન કરતી પેઢીઓનો સમુહ.

ઇજારાવાળા બજારમાં ઉત્પાદન કે વેચનાર એક જ હોવાથી તે વાસ્તવમાં પેઢી છે અને આવા ઉદ્યોગો પેઢીનો સમુહ પણ એક પેઢી જ થાય છે. માટે કહી શકાય કે ઇજારાવાળા બજારમાં પેઢી એ જ ઉદ્યોગ છે.

---

**પ્રશ્ન 8 – ઇજારાયુક્ત હરિફાઇવાળું બજારનો અર્થ આપી તેના લક્ષણો સમજાવો.**

સામાન્ય ભાષામાં થોડો ઇજારો અને થોડી હરીફાઇ હોય તેવા બજારને ઇજારાયુક્ત હરિફાઇવાળું બજાર કહે છે.

પ્રો. ચેમ્લરલીનના મતે,

પુર્ણ હરિફાઇ અને પુર્ણ ઇજારો ન હોય પણ બંનેનું સહઅસ્તિત્વ હોય તેવા બજારને ઇજારાયુક્ત હરિફાઇ કહે છે.

શ્રીમતી રોબિન્સનના મતે,

જો પ્રત્યેક્ષ પેઢી ઇજારદારબનતી હોય અને સાથે-સાથે તે હરિફાઇ પણ કરતી હોય તેવી બજારની સ્થિતિને અપુર્ણ હરિફાઇ કહે છે.

➔ લક્ષણો :

(1) મોટી સંખ્યામાં વેચનારાઓ અને અસંખ્ય ખરીદનારા :

પુર્ણ હરિફાઇમાં અસંખ્ય વેચનારાઓ હોય જ્યારે ઇજારામાં એક જ વેચનાર હોય છે. પરંતુ ઇજારાયુક્ત હરિફાઇમાં ઘણા ઉત્પાદકો અને વેચનારા હોય છે. જેથી આ બજારમાં હરિફાઇનું તત્વ મોટા પાયે જોવા મળે છે.

આ બજારમાં અસંખ્ય ખરીદનાર હોવાથી કોઇ ખરીદનાર વ્યક્તિગત રીતે વસ્તુની કિંમત પર કોઇ પ્રભાવ કે ફેરફાર લાવી શકતા નથી.

(2) વસ્તુ વિભિન્નતા :

'વસ્તુ વિભિન્નતા એટલે એક જ પ્રકારની વસ્તુ અન્ય વસ્તુની સ્વરૂપ, ગુણધર્મ કે ગુણવત્તામાં ભિન્ન છે. તેમ દર્શાવવું.'

આ ઇજારાવાળા બજારનું વિશિષ્ટ લક્ષણ છે. આ બજારમાં ઉત્પાદકો જે વસ્તુનું ઉત્પાદન કરે તે સમાનગુણી હોતી નથી. તેમાં રૂપ, રંગ, ગંધ, સ્વરૂપ, કદ, આકાર, વજન અને સ્વાદની દ્રષ્ટિએ નજીવો તફાવત હોય છે.

આ બજારમાં એક વસ્તુને બીજી વસ્તુથી જુદી પાડવા અને વિશિષ્ટ ઓળખ આપવા વસ્તુ આપવા વસ્તુ વિભિન્નતા ઉપયોગી છે.

(3) પેઢીઓની મુક્ત અવરજવર :

આ બજારમાં પેઢીઓનો ઉદ્યોગમાં વિના નિયંત્રણે પ્રવેશ અને નિકાસ એટલે કે મુક્ત અવર-જવર હોય છે.

આ બજારમાં જ્યારે કોઇ એક ઉદ્યોગ અસામાન્ય નફાની સ્થિતિમાં હોય ત્યારે નફાથી આકર્ષાય પેઢીઓ મુક્તપણે પ્રવેશ તેમજ અસામાન્ય ખોટના કારણે ઉદ્યોગ છોડી જઇ શકે છે.

આવી મુક્ત અવરજવર માત્ર ટુંકાગાળામાં જ જોવા મળે છે. પરંતુ લાંબાગાળે જ્યારે ઇજારાયુક્ત હરિફાઇવાળા બજારમાં સામાન્ય નફો મેળવે ત્યારે પેઢીઓની અવરજવર આપમેળે બંધ થાય છે.

(4) વેચાણ-ખર્ચ :

'વેચાણ-ખર્ચ એટલે વસ્તુના વેચાણ માટે થતો ખર્ચ.'

જેમાં વસ્તુનું આકર્ષક-ઉપયોગી પેકિંગ, વાહનવ્યવહાર ખર્ચ, વેચાણવેરો, જથ્થાબંધ અને છુટક વેપારીને ચુકવાતી ખાસ રકમો, શો-રૂમ અને સેલ્સમેન પાછળ થતો ખર્ચ, વેચાણ માટે અપાતી છુટછાટ અને સૌથી અગત્યના જાહેરાતખર્ચનો સમાવેશ થાય છે.

આ ઇજારાયુક્ત હરિફાઇનું વિશિષ્ટ લક્ષણ છે. આવા બજારમાં ઉત્પાદક કે વેપારીની મોટી સંખ્યા વચ્ચે હરિફાઇ થતી હોવાથી ગ્રાહકને આકર્ષવાના ઉદ્દેશથી વેચાણખર્ચનો ઉપયોગ થાય છે. જેનાથી વસ્તુઓને એક ચોક્કસ ઓળખ મળે છે.

(5) બિનકિંમત હરિફાઇ :

આ બજારમાં કિંમતની હરિફાઇ સાથે બિનકિંમતની હરિફાઇ પણ જોવા મળે છે. આ બજારમાં ઉત્પાદકો વસ્તુની કિંમત સ્થિર રાખી ગુણવત્તામાં ફેરફાર કરી ગ્રાહકને આકર્ષવા પ્રયત્ન કરે છે. ઉપરાંત વેચાણ બાદની ગુણવત્તાસભર સેવા પુરી પાડી ગ્રાહકને આકર્ષે છે. આ પ્રકારનું બિનકિંમત હરિફાઇનું લક્ષણ આ જ બજારમાં જોવા મળે છે.

(6) બજાર અંગેનું અપુરતું જ્ઞાન :


આવા બજારમાં વેચનારા અને ખરીદનારાઓને બજારની સ્થિતિ અંગેનું સંપુર્ણ જ્ઞાન નથી. એટલે કે નજીકની અવેજીની તમામ વસ્તુના ગુણધર્મો અને ગુણવત્તાથી માહિતગાર હોતા નથી. તેથી આ બજારમાં એક સરખા ઉપયોગમાં આવતી વસ્તુની કિંમતમાં ફેરફાર હોય છે.

આમ, આ બજારમાં નજીકની અવેજી વસ્તુની કિંમતો એકસમાન હોતી નથી.

---

પ્રશ્ન 9 – અલ્પહસ્તક ઇજારો એટલે શું ? તેના લક્ષણો જણાવો.

અલ્પહસ્તક ઇજારાને અંગ્રેજીમાં 'Oligapoly' કહે છે.




અલ્પહસ્તક ઇજારાનો અર્થ અલ્પ ઉત્પાદકો કે વેચનારાઓનું બજાર થાય છે.

આ બજારમાં ઉત્પાદકો સમાનગુણી અને નજીકની અવેજી વસ્તુનું ઉત્પાદન કરતા હોવાથી હરિફાઇનું પ્રમાણ તીવ્ર કક્ષાનું હોય છે.

પ્રો. સ્ટીગલરના મતે,

"અલ્પહસ્તક ઇજારો એ એવી પરિસ્થિતિ છે કે જેમાં પેઢી પોતાની બજાર અંગેની નીતિ, પોતાના હરિફોની અંદાજિત વર્તણુંકને આધારે નક્કી કરે છે."

પ્રો. બોમલના મતે,

“અલ્પહસ્તક ઇજારો એ એક એવું બજાર છે જેમાં અલ્પ વેચનારાઓ પૈકી કેટલાક વેચનારાઓ એટલું મોટું કદ ધરાવે છે કે જે બજારની કિંમતને અસર પહોંચાડી શકે.”

➔ લક્ષણો :

(1) અલ્પ વેચનારા અને અસંખ્ય ખરીદનાર :

અલ્પ હસ્તક ઇજારાવાળા બજારમાં ઉત્પાદક કે વેચનારાઓની સંખ્યા 2 થી વધુ અને આશરે 10 થી 20 સુધી મર્યાદિત હોય છે. જેના કારણે અલ્પ વેચનારાઓ બજાર પર ઇજારાશાહી પ્રકારનો કાબુ ધરાવે છે. માટે આ બજારને અલ્પહસ્તક ઇજારો કહે છે.

બજારમાં ખરીદનારા અસંખ્ય હોવાથી વ્યક્તિગત રીત ખરીદનારાનું અસ્તિત્વ ખુબ નાનું હોય છે. જેના કારણે ખરીદનારા કિંમત પર અસર પાડી શકતા નથી.

(2) સમાનગુણી અને નજીકની અવેજી વસ્તુ :

આ બજારમાં વેચાતી તમામ વસ્તુઓ સમાનગુણી કે નજીકની અવેજી હોય છે.

જ્યારે બજારની પેઢીઓ સમાનગુણી વસ્તુનું ઉત્પાદન કે વેચાણ કરે ત્યારે બજારને સંપુર્ણ અલ્પ હસ્તક ઇજારો કહે છે.

જેમ કે, ક્રુડ ઓઇલ, મીઠું અને ચાનું બજાર

જ્યારે બજારની પેઢીઓ નજીકની અવેજી વસ્તુનું ઉત્પાદન કે વેચાણ કરે ત્યારે બજારને અપુર્ણ-અલ્પ હસ્તક ઇજારાવાળું બજાર કહે છે.

જેમ કે, ઠંડા પીણાનું બજાર

(3) પેઢીઓનો પ્રવેશ :

અલ્પહસ્તક ઇજારાવાળા બજારમાં નવી પેઢીઓનો પ્રવેશ અલ્પહસ્તક ઇજારાના પ્રકાર મુજબ મુક્ત કે પ્રતિબંધિત હોય છે.

જો બજારમાં મુક્ત અલ્પ-હસ્તક ઇજારો તો બજારમાં નવી પેઢીનો પ્રવેશ મુક્ત હોય છે.

બજારમાં પ્રતિબંધિત અલ્પ-હસ્તક ઇજારો હોય ત્યારે નવી પેઢીનો પ્રવેશ પ્રતિબંધિત હોય છે.

(4) વેચાણ-ખર્ચ :

‘વેચાણ-ખર્ચ એટલે વસ્તુના વેચાણ માટે થતો ખર્ચ.’

જેમાં વસ્તુનું આકર્ષક-ઉપયોગી પેકિંગ, વાહનવ્યવહાર ખર્ચ, વેચાણવેરો, જથ્થાબંધ અને છુટક વેપારીને ચુકવાતી ખાસ રકમો, શો-રૂમ અને સેલ્સમેન પાછળ થતો ખર્ચ, વેચાણ માટે અપાતી છુટછાટ અને સૌથી અગત્યના જાહેરાઅતખર્ચનો સમાવેશ થાય છે.


આ ઇજારાયુક્ત હરિફાઇનું વિશિષ્ટ લક્ષણ છે. આવા બજારમાં ઉત્પાદક કે વેપારીની મોટી સંખ્યા વચ્ચે હરિફાઇ થતી હોવાથી ગ્રાહકને આકર્ષવાના ઉદ્દેશથી વેચાણખર્ચનો ઉપયોગ થાય છે. જેનાથી વસ્તુઓને એક ચોક્કસ ઓળખ મળે છે.

(5) પરસ્પર અવલંબન :

અલ્પહસ્તક ઇજારવાળા બજારમાં ઉત્પાદકો કે વેચનારાઓ એટલા અલ્પ હોય છે કે એકબીજા વિશેની જરૂરી માહિતી રાખી શકે. અને તેમની હરિફ પેઢીની વસ્તુના પ્રકાર અને ગુણવત્તા પર દેખરેખ રાખી શકે છે. જેના કારણે પેઢી જ્યારે પોતાની વસ્તુની કિંમત કે ગુણવત્તાના સંદર્ભમાં નિર્ણય લેવા ઇચ્છતી હોય ત્યારે હરિફોના વર્તન પર અવલંબે છે.

(6) કિંમતની ચુસ્તતા(ખાંચાવાળી માંગરેખા) :

આ બજારમાં પેઢીઓની સંખ્યા ઓછી હોય છે અને દરેક પેઢી પરસ્પરાવલંબી હોવાને કારણે જો કોઇ એક પેઢી કિંમત ઘટાડે તો અન્ય પેઢીઓની વસ્તુની કિંમતની સરખામણીમાં આ પેઢીની વસ્તુ સસ્તી બનતા તેની માંગમાં વધારો થશે. તેથી હરીફ પેઢીની માંગમાં ઘટાડો થશે. જો હરીફ પેઢી આવું બનવા ન દેવા માંગતી હોય તો તેમણે ફરજિયાત કિંમત ઘટાડો અપનાવવો પડશે. આ પ્રકારની કિંમત હરિફાઇના કારણે વસ્તુની કિંમત કોઇ એક નિમ્ન સ્તરે પહોંચે જ્યાંથી વધુ કિંમતનો ઘટાડો શક્ય બનતો નથી. જ્યારે બીજી તરફ કોઇ પેઢી વસ્તુની કિંમત વધારે તો તેની વસ્તુની માંગ ઘટશે. જેનો લાભ હરીફ પેઢીને થશે. આમ હરીફ પેઢીઓ કિંમત ઘટાડાને આવકારે છે. પરંતુ કિંમત વધારો અનુસરતી નથી. જેથી આ બજારમાં વસ્તુની કિંમત કોઇ એક સપાટીએ જડ કે ચુસ્ત બને છે. જેના કારણે બજારમાં વસ્તુની માંગરેખા ખાંચવાળી બને છે.




**પ્રશ્ન 10 – તફાવત લખો : પુર્ણ હરિફાઇ અને ઇજારો.**

| પુર્ણ હરિફાઇ | ઇજારો |
|---|---|
| ખરીદનાર અને વેચનાર અસંખ્ય હોય છે. | ખરીદનાર અસંખ્ય પણ ઉત્પાદક કે વેચનાર એક જ હોય છે. |
| ઉદ્યોગમાં અનેક પેઢી હોય છે. | પેઢી એક જ હોવાથી પેઢી અને ઉદ્યોગ એક જ છે. |
| પેઢીની અવરજવર મુક્ત હોય છે. | પેઢી આ બજારમાં પ્રવેશી શક્તી નથી. |
| વ્યક્તિગત ગ્રાહક કે પેઢી કિંમત પર અસર કરી શકતા નથી. | વ્યક્તિગત પેઢી વસ્તુની કિંમત પર અસર કરી શકે છે. |
| વસ્તુની કિંમત બજારના પરિબળો દ્વારા નક્કી થાય છે. | વસ્તુની કિંમત પેઢી જ નક્કી કરે છે. |
| પેઢીની માંગરેખા સંપુર્ણ મુલ્ય સાપેક્ષ હોય છે. | પેઢીની માંગરેખા સંપુર્ણ મુલ્ય અનપેક્ષ હોય છે. |

પ્રશ્ન 11 – તફાવત લખો : ઇજારો અને ઇજારાયુક્ત હરિફાઇ

| ઇજારો | ઇજારાયુક્ત હરિફાઇ |
|---|---|
| અસંખ્ય ખરીદનાર અને એક જ ઉત્પાદક કે વેચનાર હોય છે. | અસંખ્ય ખરીદનાર અને વેચનાર કે ઉત્પાદક મોટી સંખ્યામાં હોય છે. |
| નજીકની અવેજી વસ્તુનો અભ્યાસ હોય છે. | પેઢી એકબીજાની નજીકની અવેજી વસ્તુનું ઉત્પાદન કરે છે. |
| પેઢીનો પ્રવેશ પ્રતિબંધિત છે. | પેઢીનો પ્રવેશ મુક્ત છે. |
| પેઢીનો કિંમત ઉપર અંકુશ વધુ છે. | પેઢીનો કિંમત ઉપર અંકુશ ઓછો હોય છે. |
| લાંબાગાળાની સમતુલામાં પેઢીને અસામાન્ય નફો મળે છે. | લાંબાગાળાની સમતુલામાં પેઢીને સામાન્ય નફો જ મળે છે. |
| નજીકની અવેજી વસ્તુ નહિ હોવાથી તથા એક જ પેઢી હોવાથી વેચાણ-ખર્ચ જરૂરી નથી. | નજીકની અવેજી વસ્તુ બનાવતી અનેક પેઢી હોવાથી વેચાણ-ખર્ચ અનિવાર્ય છે. |

• • •